# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# શ્રી સમયસાર ગાથા ૭૩, શિકોહાબાદ
# તા. ૧૯-૩-૧૯૮૯, પ્રવચન P ૦૫

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેનો કર્તા-કર્મ અધિકાર ચાલે છે. તેની ૭૩મિ ગાથા છે. તેમાં શિષ્યનો પ્રશ્ન છે. અનાદિ કાળથી હું દૂ:ખી છું, પર્યાયમાં દૂ:ખ છે અને એના નાશનો ઉપાય શું છે? એની વિધિ શું છે? વિધિ પૂછે છે. એટલે દૂ:ખનો અભાવ તો થશે, એવો તો વિશ્વાસ છે. કેમકે દૂ:ખ છે એ આત્માનો સ્વભાવ નથી. વિભાવ છે. તો વિભાવ તો કાયમ રહેવાવાળી ચીજ નથી. એ તો નીકળી જશે. એવો તો વિશ્વાસ છે. પરંતુ દૂ:ખનાં અભાવનો ઉપાય નથી જાણતો. વિભાવ હોવાથી દૂ:ખ લાંબો સમય ટકતું નથી. જેમ શરીરમાં તાવ આવે તો લાંબો સમય ટકતો નથી, એમ રાગ, દ્વેષ, મોહના જે પરિણામ છે એ વિભાવ છે, આત્માનો સ્વભાવ નથી.

આત્માનો સ્વભાવ જ્ઞાન છે. જ્ઞાન તો ટકે છે અનાદિ અનંત. જ્ઞાનનો નાશ નથી થતો. અને જો અજ્ઞાન છે, રાગ, દ્વેષ, મોહ એ તો વિભાવ છે. વિભાવ હોવાથી એ ટળી જાય છે. એટલો તો વિશ્વાસ મારામાં આવી ગયો છે. આપની કૃપાથી એટલો તો ખ્યાલ આવી ગયો છે. પરંતુ આ દૂ:ખનાં નાશનો ઉપાય હું નથી જાણતો. એની વિધિ હું નથી જાણતો. હલવો બને છે એ જાણું છું. હલવો ખાવાથી પેટ ભરાય છે, શરીરમાં શક્તિ પણ આવે છે. એટલી વાત હું જાણું છે. હલવો બનાવવાની વિધિ હું નથી જાણતો. એવી રીતે હું રાગ -દ્વેષ, ક્રોધ, માન, માય લોભ, એવા વિકલ્પ ભાવ, કષાય ભાવરૂપ પરિણમુ છું. અને આ વિભાવભાવ છે એ ટળી જાય છે. પણ એ ટાળવાની વિધિ હું નથી જાણતો, કેમ ટળે? દૂ:ખ ના નાશનો ઉપાય શું છે? કૃપા કરીને બતાવો. આચાર્ય ભગવાને એની ઉપર કરુણા કરીને એનો ઉપાય ૭૩ ગાથામાં બતાવ્યો છે.

પ્રથમ હું આત્માનું સ્વરૂપ બતાવીશ, એનો પહેલાં નિર્ણય કર, કે હું કોણ છું? પહેલાં નિર્ણય કરવો માનસિક જ્ઞાનમાં, અનુમાન જ્ઞાનમાં, પહેલાં નિર્ણય કરી લે. અને નિર્ણય કર્યા બાદ, એનું લક્ષ કરવાથી અને પરનું લક્ષ છૂટવાથી એનો અભાવ થઇ જશે.

તો ચાર, આત્માના ચાર વિશેષણ કહ્યા છે. કે હું એક છું, હું શુદ્ધ છું, હું મમત્વ રહિત છું, અને હું દર્શન-જ્ઞાનથી વર્તમાન પરિપૂર્ણ છું. ચાર પ્રકાર આત્માના, આત્માનો એકજ પ્રકાર છે, ચાર ધર્મથી સમજાવાય છે. એક પણ આત્માનો ધર્મ છે. શુદ્ધ પણ આત્માનો ધર્મ છે. નિર્મમત્વભાવ આત્માનો ધર્મ છે. અને દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણ એ આત્માનો ધર્મ છે. આત્માનો ધર્મ ધર્મીની સાથે રહે છે. આત્મા જે ધર્મ છે, એટલે સ્વભાવ છે, એ ધર્મી, એટલે સ્વભાવવાળા, સ્વભાવ-સ્વભાવવાળા એક ચીજ છે. જે અજ્ઞાની, આત્માના સ્વભાવને જાણતો નથી. ધર્મીને જાણતો નથી, પોતાને જાણતો નથી. એનાં માટે, એજ ચાર પ્રકારના ધર્મની મુખ્યતાથી ધર્મી જાણવામાં આવી જાય છે. એટલે ધર્મના દ્વારા ધર્મી સમજાવાય છે. તી બે ધર્મ દ્વારા ધર્મીને બતાવ્યો, હવે બે બાકી રહ્યા.

ત્રીજો ધર્મ છે. ધર્મ એટલે આત્માનો સ્વભાવ. સ્વભાવ એટલે ત્રિકાળ સ્વભાવ. ક્ષણિક

સ્વભાવ, ક્ષણિક વિભાવ. ' ક્ષણિક સ્વભાવ અને ત્રિકાલી સ્વભાવ. ક્ષણિક વિભાવનું નામ રાગ, દ્વેષ, મોહ. ક્ષણિક સ્વભાવનુમાં સંવત, નિર્જરા અને મોક્ષ. અને ત્રિકાળ સ્વભાવનું નામ પરમપરિણામીકભાવ લક્ષણથી લક્ષિત એ જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ ચિદાનંદ, જ્ઞાનાનંદ આત્મા તે હું. વિભાવ, ક્ષણિક વિભાવ, ક્ષણિક સ્વભાવ અને ત્રિકાળ સ્વભાવ.

તો આ ત્રિકાળ સ્વભાવની અંદર ચાર પ્રકારના ધર્મ રહે છે. અનાદિ અનંત રહે છે. એક રહે છે ત્રણે કાળ એકજ રહે છે એક જ્ઞાયક ભાવ. 'એકો અહં'. અને શુધ્ધ રહે છે. અનાદિ અનંત. અશુધ્ધ થતોજ નથી. અને નિર્મમ, મમતા રહિત હોય છે. વિતરાગી પ્રતિમા છે. આ આત્મા છે ને, વિતરાગી (પ્રતિમા છે). જેમ જિન પ્રતિમા વિતરાગી છે એની સાથે રાગનો સંબંધ કોઈ છે જ નહીં. રાગ નથી તો રાગનું નિમિત પણ એના શરીર પર નથી હોતું. સમજમાં આવ્યું? દિગંબર પ્રતિમાની વાત ચાલે છે. એ સાચી પ્રતિમા છે. રાગી નથી તો રાગ નું નિમિત પણ એની ઉપર નથી. વિતરાગી પ્રતિમા જેવું બિંબ છે એમ હું પણ વિતરાગી પ્રતિમા છું. ક્યારે ? કે અત્યારે. અત્યારે! ત્રણે કાળ. નિર્મમત્વ શબ્દ આવ્યો ને? મમતાથી રહિત હું અનાદિ અનંત. એટલે વિતરાગી મૂર્તિ હું છું. ચોથા બોલમાં, હું જ્ઞાન દર્શનથી પરિપૂર્ણ હું. હવે ત્રીજા બોલની વ્યાખ્યા આચાર્ય ભગવાન સમજાવશે.

**પુદગલ દ્રવ્ય જેનો સ્વામી છે**. ખ્યાલમાં રાખવું કે આ શુબ અશુભ ભાવ છે એનો સ્વામી આત્મા નથી. સ્વામી સમજ્યા? માલિક! માલિક આત્મા નથી. કોઈ ભાવ છે તો એનો માલિક પણ હોવો જોઈએ. જેમ આ બંગલો છે ને મકાન, તો એનો કોઈ માલિક હોવો જોઈએ, એનો માલિક પુદગલ છે. મકાનનો માલિક પુદગલ છે.

મુમુક્ષુ:- કસ્તૂરચંદજી નહીં? કસ્તૂરચંદજીનું મકાન છે.

ઉત્તર:-કસ્તૂરચંદજીનું મકાન નથી. એ કસ્તૂરચંદજી છે તે જ્ઞાનના સ્વામી છે. મકાનના સ્વામી નથી. એક ચીજના બે સ્વામી ન હોય. પદાર્થ એક અને એના સ્વામી બે એવું હોતું નથી. તેઓ દાળનો વેપાર કરે છે તો દાળનો સ્વામી કોણ?

મુમુક્ષુ:- દાળનો સ્વામી દાળ.

ઉત્તર:- દાળ પુદગલ છે. રવીન્દ્રબાબુ નથી. આ પિંકિ, બીજાનું શું નામ?

મુમુક્ષુ:- બબલુ.

ઉત્તર:- બબલુ નથી. એનો સ્વામી પુદગલ છે. એ તો ઠીક, અહિયા તો અંદરની વાત કરે છે. અંદરની વાત, આ વ્યવહાર રત્નત્રયનું પરિણામ જે શુભ રાગ છે એનો સ્વામી કોણ છે?

એનો સ્વામી પુદગલ છે. આ સાંભળવાનો જે રાગ છે ને એ પ્રશસ્ત રાગ છે. પ્રશસ્ત (રાગ છે)! જિનવાણી સાંભળવાનો જે ભાવ આવ્યો તે રાગ છે. તે રાગનો સ્વામી સાંભળવાવાળો નથી, એ રાગનો સ્વામી જડ પુદગલ છે. જડનો સ્વામી જડ હોય છે. ચેતન-જીવની ભ્રાંતિ થઈ ગઈ છે જગતને. શુભાશુભભાવ ચેતના છે, ચેતનની સાથે સાથે બાજુમાં હોય છે તો ચેતન હોવા ની ભ્રાંતિ થઈ ગઈ. ચેતન હોતું નથી.

જેમ મૈસૂર સ્ટેટમાં ચંદનના વૃક્ષ ઘણા હોય છે ચંદનના વૃક્ષ, સુખડના. એની પાસે સાગનું વૃક્ષ પણ એવું ઉત્પન્ન થાય છે, બીજા વૃક્ષ પણ પાસે પાસે હોય છે. તો એની સુંગન્ધ છે ને એમાં

બેસી જાય છે સુગંધ. તો ઠગ લોકો શું કરે છે કે એ લાકડું કાપીને એ ભૂલેશ્વરમાં ઢગલા કરીને વેચે છે. તો લેવાવાળો લાકડી લઈને સૂંઘે છે તો એમાં સુંગધ તો આવે છે, તો સુખડ માનીને લઈ જાય છે. પછીથી કબાટમાં મૂકી દે છે. છ મહિના પછી જ્યારે જરુર પડી તો આપણી પાસે સુખડ તો ઘણું છે, કાઢો. ચંદન ઘણું છે કપાળ પર લગાડો મટી જશે લીધું, લાકડી હતી, સુખડ ક્યાં હતું? એમ ચિદાનંદ ભગવાનની જોડે, આત્માની જોડે, સાથે. જોડે સમજ્યા? બાજુમાં. બાજુમાં શરીર પણ છે, કર્મ પણ છે, અને શુભાશુભ ભાવની લાકડી પણ છે. એ લાકડી છે, એ ચેતન તો નથી. ચેતનનું પરિણામ પણ નથી. કેમકે ચેતનનું લક્ષણ એમાં નથી, ચેતનનું લક્ષણ જાણવું દેખવું. અને શુભાશુભભાવમાં જાણવા દેખવાની ક્રિયા હોતી નથી. ભલે જોડે, બાજુમાં હોં, તો પણ એ ચેતન થઈ શકતું નથી.

વરરાજાની પાસે અણવર રહે છે, બાજુમાં, દુલ્હાની પાસે, કોણ રહે છે? અણવર છે કે નહીં? અણવર? અણવર છે પણ એ વર ના થાય. (વરની જેમ) એના ગાળામાં માળા આવે નહીં. કન્યા એને દેતી નથી. અને પછી બધા જતાં રહે. પછી એકલો અણવર આવે તો આવો પણ ન કહે. અમે તો અણવરને આવકાર દઈએ - આજે હવે તો આવકાર પણ નથી રહ્યો. સમજ્યા?

એમ શુભાશુભભાવ બાજુમાં હોય છે આત્મામાં નથી હોંતા. એ ધર્મને આત્મામાં સ્થાપવો એ ખોટી વાત અજ્ઞાન છે. મિથ્યાત્વ છે. ભાઈ! તો એ શુભાશુભ ભાવ હોય છે, સાંભળવાનો જે રાગ્ આવ્યો, એનો સ્વામી કોણ છે? આજ સુધી તો માન્યું હતું કે એનો સ્વામી હું છું. મારામાં થાય છે. હું એને જાણું છું. હું એનો કર્તા છું. હું તેનો ભોક્તા છું. આજ સુધી તો એવું શલ્ય હતું. પરંતુ જ્યારે સમર્થ આચાર્ય ભગવાન મળ્યા, કુંદકુંદ જેવા અને ટીકાકાર મળ્યા, એમની વાણીમાં આવ્યું કે તું એનો સ્વામી નથી એનો સ્વામી બીજો છે. (એનો) સ્વામી કોણ છે? પુદગલ એનો સ્વામી છે. અજ્ઞાની જીવ પૂછેછે કે પ્રભુ, હું એનો સ્વામી નથી, તો મને સ્વામી બતાવો? કોઈ સ્વામી બતાવો તો સ્વામિત્વ છૂટીજાય.

આગળ બતાવે છે કે પુદગલ જેનો સ્વામી છે. લખ્યું છે, **પુદગલ દ્રવ્ય જેનો સ્વામી છે**, માલિક છે, આહાહા. **એવી રીતે ક્રોધીભાવોના વિશ્વરૂપત્વ (અનેકરૂપત્વ)** ક્રોધ, માન માયા લોભ, તીવ્ર પાપ. ક્રોધ માન માયા લોભ મંદ, એ શુભભાવ, પુણ્યતત્વ છે. જાતિ એક છે. જાતિ કષાયની છે. જાતિ કષાયની છે. અકષાય વીતરાગ ભાવ એમાં નથી, એટલે એનો સ્વામી પુદગલ છે. આહાહા! તું એનો સ્વામી નથી. **તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું** સ્વયં હું આત્મા, ચિદાનંદ આત્મા છું. અને ક્રોધાદી ભાવ થાય છે પણ એનો સ્વામી બનીને હું ક્યારે થઈ જાઉં, બની જાઉં સ્વામી, એવું ક્યારેય બનવાનું નથી. કારણકે હું એ પુદગલનો સ્વામી બનું તો હું ચેતન રહી સકતો નથી, તો જડ થઈ જાય. તો આત્મા ચેતન છે, શુભાશુભભાવ જડભાવ છે. આહાહા! અને જડથી આત્માને લાભ મળે, ત્રણ કાળમાં થવાનું નથી. પ્રભુ. આહાહા! શાંતિથી સાંભળવા જેવી વાત છે. આ તો દિગંબર શાસ્ત્રની વાત છે. તમારું જ શાસ્ત્ર છે. અમે તો પહેલાં સ્થાનકવાસી હતા, પછી દિગંબર થયા. આહાહા!

મુમુક્ષુ:- નહિ. તમે સાચા દિગંબર છો.

ઉત્તર:- હે પ્રભુ! શુભાશુભભાવ વ્યવહાર રત્નત્રયના પરિણામ, દેવ- ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધાનો રાગ, નવ તત્વની શ્રધ્ધાનો રાગ, છ દ્રવ્યનું ઇંદ્રિયજ્ઞાન એનો સ્વામી પુદગલ છે. આત્મા સ્વામી નથી. તે સ્વામી રૂપે ક્યારેય પરિણામતો નથી. ક્રોધરૂપે તો પરિણમે છે પણ ક્રોધનો સ્વામી આત્મા બનતો નથી. ક્રોધરૂપનું પરિણમન હોય પરંતુ એનો સ્વામી પુદગલ પણ હોય અને ચેતન પણ હોય, એક ભાવ ના બે માલિક ન હોય. આહાહા! શુભાશુભભાવ, એનો સ્વામી પુદગલ છે. આહાહા! આમાં લખ્યું છે એનો અર્થ છે. સંસકૃતમાં લખ્યું છે. આનો અનુવાદ તો જયપુરમાં થયો છે. જયચંદ પંડિત થઈ ગયાને એમણે અનુવાદ કર્યો છે. **પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો** ક્રોધાદીરૂપ પરિણમે છે, પરંતુ એના સ્વામીરૂપે નથી પરિણામતો. તો સાધક બને છે. અને જ્યારે ક્રોધાદીરૂપ પરિણમવું બંધ થાય છે તો પરમાત્મા બની જાય છે. પહેલાં સ્વામિત્વ બુધ્ધિ છૂટે છે, પહેલાં અભિપ્રાય સાચો થઈ જાય છે. પહેલાં

મુમુક્ષુ:- અભિપ્રાય સાચો થઈ જાય છે. બહુ સુંદર.

ઉત્તર:-અભિપ્રાય પૂર્વક ક્રોધના પરિણામ અને અભિપ્રાય રહિત ક્રોધના પરિણામ. ઘણો ફેર છે. ક્રોધાદીભાવ મારો છે એવો અભિપ્રાય રાખે છે તો અજ્ઞાની બની જાય છે. અને અભિપ્રાય સાચો થઈ જાય કે હું એનો સ્વામી નથી, પુદગલ દ્રવ્ય એનો સ્વામી છે. તો અભિપ્રાયમાં સ્વામિત્વપણું છૂટી ગયું. ક્રોધ નથી છૂટતો, ક્રોધ છૂટી જાય તો તો પરમાત્મા થઈ જાય છે. ગૃહસ્થ અવસ્થામાં ક્રોધ માન માયા લોભ શુભાશુભ ભાવ રહે છે. શુભાશુભ રહેવા છતાં પણ હું એનો સ્વામી નથી, અભિપ્રાય ફરી ગયો. પહેલાં માનતો હતો કે આ તત્વ મારું છે, હું કર્તા છું, હું ભોક્તા છું. શ્રી ગુરુનો ઉપદેશ સાંભળ્યો કે તું તો ચેતનનો સ્વામી છું, જડનો સ્વામી તું નથી, નથી થઈ શકતો, થઈ શકતો જ નથી. આહાહા! અશક્ય છે. તો **તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું.** આહાહા! હું તો ત્રિકાળ નિર્મમત્વ વિતરાગી પ્રતિમા છું. આહાહા! હું વિતરાગી પ્રતિમા અત્યારે છું. જેમ જિન બિંબ છે વિતરાગી, તેમ બધા આત્મા ભગવાન છે. આહાહા! શરીરને ન જો. કર્મને ન જો, રાગને ન જો. શાસ્ત્રજ્ઞાન, ઇંદ્રિયજ્ઞાનને ન જો, ગુણ-ગુણીભેદને ન જો. એકલો ગુણી પરમાત્મા હું છું. આહાહા! એમ જોઈશ તો દેખાશે. દેખવાવાળાને દેખાય છે, નહીં દેખવાવાળાને દેખાતું નથી. હોવા છતાં પણ દેખાતું નથી. હોવા છતાં પણ દેખાતું નથી. જેમ સુર્યનો ઉદય હોય અને જનમાંધ હોય, તો એને દેખાતું નથી. અનાદિ મિથ્યાદ્રષ્ટિ જનમાંધ છે એને આત્મા હોવા છતાં પણ દેખાતો નથી. દેખવાવાળાને દેખાય છે. તો અનુભવ થઈ જાય છે.

તો કહે છે કે હું **મમતા રહિત છું**. એનો સ્વામી હું નથી એટલે હું મમતા રહિત છું. ત્રણ બોલ થયા. મમત્વ છૂટી જાય છે, ક્રોધ નથી છૂટતો. મમત્વ છૂટવાથી સમ્યગ્દર્શન થાય છે, ક્રોધાદી ભાવ છૂટવાથી અરિહંત દશા થઈ જાય છે. પહેલાં મમત્વ છૂટે છે, શ્રધ્ધા સમ્યક્ થાય છે, ચારિત્ર અંશે સ્થિરતા થાય છે. પછી પૂર્ણ સ્થિરતા થવાથી ક્રોધ-માન-માયા-લોભના અનંતાનુંબંધીનો, અભાવ પહેલાં થાય છે. પછીથી અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન, સંજ્વલન, ક્રોધ-મન-માયા-લોભનો અભાવ

થઈને, આત્મા પરમાત્મા થઈ જાય છે. જે શક્તિમાં પડયો હતો તે વ્યક્ત દશામાં આવ્યો. જે શક્તિમાં છે, શક્તિની વ્યક્તિ થાય છે. આત્મામાં રાગ દ્વેષ મોહની શક્તિ નથી. એટલે એ શક્તિની વ્યક્તિ નથી. એ પુદગલની શક્તિની વ્યક્તિ છે. એ પુદગલનું પરિણામ છે, જીવના પરિણામ નથી. પુદગલના પરિણામ કેમકે પુદગલના સંગથી થાય છે, એટલે પુદગલ ના પરિણામ કહેવાય છે. જેમ પાણી અગ્નિનાં સંયોગથી ઉષ્ણ થાય છે તો ઉષ્ણ પર્યાયનું નામ પણ અગ્નિ છે, કેમકે ઉષ્ણતા લક્ષણ અગ્નિનું છે, પાણીનું નથી.

એમ રાગ દ્વેષ મોહ જે લક્ષણ છે એ પુદગલ ના છે. પુદગલ. પુદગલનું શું છે છુટ્ટા થવું ભેગા થવું સમજ્યા? પુદ અને ગલ હા પુનર્ગલન! એમ આ શુભાશુભભાવ પુનર્ગલનવાળા છે. વધે છે ઘટે પણ છે તો આ પુદગલની જાત છે. પુદગલના સંગથી થાય. એ મારી જાત નથી. ઉપયોગ મારી જાત છે જે મારા સંગથી ઉત્પન્ન થાય છે. સુશીલબાબુ ત્યાં બેઠા છે બરાબર, મેં જોયું એવું, નથી. ત્યાં બેઠા છે, સારી વાત છે. મોટરમાં આવ્યા હતા ને એટલે યાદ રહે છે. બધાના નામ યાદ નથી રહેતા.

શું કહ્યું? હું નિર્મમત્વ અત્યારે, આ હું નિર્મમત્વ હું, એ જ પર્યાયમાં મમત્વભાવ નાશ કરવાનો ઉપાય છે. હું નિર્મોહી હું, એજ મોહન નાશનો ઉપાય છે. હું અત્યારે નિર્મોહી હું, તો હું નિર્મોહી છું. તો પરિણામાંથી મોહ જતો રહે છે. આહાહા! હું અત્યારે નિર્મમ છું, તો પર્યાયમાં મારાપણું, મમતા છૂટી જાય છે. મમતા જન્ય દુખ પણ (છૂટી જાય છે), મમતામાં દૂખ હોય છે. આહાહા!

ત્રણ વાત કહી, હવે ચોથી વાત. **ચિન્માત્ર જ્યોતિના** જ્ઞાન માત્ર આત્માનો સ્વભાવ. ચિન્માત્ર શબ્દનો અર્થ શું છે? "ચિન્ન" અને "માત્ર" શબ્દ છે. "ચિન્ન" એટલે જ્ઞાનમાત્ર. જ્ઞાન "માત્ર" જે શબ્દ આવ્યો એ રાગ, દ્વેષ, મોહના નિષેધ વાચક છે. આત્મા માત્ર જ્ઞાન જ છે કથંચિત જ્ઞાનમય અને કથંચિત રાગમય નથી, કેમકે રાગ આત્માનો ધર્મ છે જ નહીં. એટલે કથંચિત લાગુ પડતો નથી. રાગ આત્માનો નથી એટલે કથંચિત લાગુ પડતો નથી. જ્ઞાન તો આત્માનો ધર્મ છે. એટલે આત્મા કથંચિત જ્ઞાનમય, કથંચિત આનંદમય, કથંચિત સુખમય એમ એમ છે. તો જ્ઞાનમય છે, સર્વતઃ જ્ઞાનમય છે. કથંચિત જ્ઞાનમય અને કથંચિત રાગમય એમ નથી. જ્ઞાનમાત્ર શબ્દ " માત્ર", ઓન્લી ફક્ત. માત્રનો અર્થ શું? ઓન્લી, ફક્ત આત્મા જ્ઞાનમય છે.

મુમુક્ષુ:- ફક્ત જ્ઞાનમય છે.

ઉત્તર:- ફક્ત હાં, હિંદીના શબ્દ મળતા નથી, ફક્ત જ્ઞાનમય છે. આહાહા ! એકાંત થઈ જશે! કે અમને ઇષ્ટ છે. સાધ્યની સિદ્ધિ થઈ જાય છે. એમાં (સાધ્યની સિદ્ધિ થઈ જાય છે). આત્મામાં અનુભવ હોય છે. કથંચિત જ્ઞાનમય અને કથંચિત રાગમય, આહાહા! એ અનિર્ણય છે. એ નિર્ણય નથી. આહાહા! હમણાં નિર્ણયની વાત આવી, એટલે ધ્વનિ આવી. નિર્ણય તો કરો પહેલાં કે મારુ સ્વરૂપ શું છે? આહાહા! મારામાં મમત્વ છે કે બીજી જગ્યાએ મમત્વભાવ રહે છે? તારામાં મમત્વભાવ રહે છે કે બીજી જગ્યામાં રહે છે? રાગ તારામાં હોય છે કે બીજી જગ્યાએ? બીજી જગ્યા પર છે, મારી જગ્યામાં નથી. મારા ક્ષેત્રમાં રાગનો પ્રવેશ નથી. મારા દ્રવ્યમાં રાગ નથી, ક્ષેત્રમાં રાગ નથી, કાળમાં રાગ નથી, ભાવમાં રાગ નથી. હું તો જ્ઞાન માત્ર આત્મા છું. આહાહા! જ્ઞાન માત્ર શબ્દ છે એ વિભાવનો નિષેધવાચક માત્ર શબ્દ છે, ફક્ત, ફક્ત, ઓન્લી, કેવળ. આહાહા! કેવળજ્ઞાન માત્ર

હું મૂર્તિ હું જ્ઞાનની. આહાહા! જ્ઞાનની ડબ્બી છે આત્મા, જ્ઞાન-આનંદ થી ભરેલો સમુદ્ર આત્મા છે.

આત્મામાં જ્ઞાન છે પણ અજ્ઞાન નથી. અજ્ઞાન ધર્મ આત્માનો નથી. આહાહા! આત્મા ક્યારેય અજ્ઞાની થયો નથી. થશે પણ નહીં. ચીંતા ન કર! તું તો ત્રણે કાળ, ચિન્નમાત્ર જ્ઞાનમય રહ્યો, આજે પણ છો, અનંતકાળ રહેવવાળો છો. નિશંક થઈ જા નિશંક થઈ જા. મારા સ્વભાવમાં રાગનો પ્રવેશ નથી. ત્રણ કાળમાં થયો નથી, હોતો નથી, અને થશે પણ નહીં. એનું નામ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના છે. આહાહા! ભૂતકાળમાં ન હતું, પ્રતિક્રમણ થઈ ગયું. વર્તમાનમાં નથી આલોચના થઈ ગઈ. ભવિષ્યમાં થવાની નથી. એ પ્રત્યાખ્યાન થઈ ગયું. સોનગઢના સંત કોઈ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, સામાયિકને માને છે કે નહીં? અરે ભાઈ! તે સ્વરૂપ સાંભળ્યું જ નથી. કે પ્રતિક્રમણ, આલોચનાનું સ્વરૂપ (શું) છે, સાંભળ્યું જ નથી. આહા! ભૂતકાળમાં હું આત્માને જોઉં છું આત્માને, તો રાગ દ્વેષ એમાં ન હતા. વર્તમાનમાં નથી, અને ભવિષ્યકાળમાં કોઈ કાળ એવો નહીં આવે કે હું રાગી થઈ જઈશ. હું તો નિરાગી, પરમાત્મા હું ચિન્નમાત્ર જ્યોતિ હું. આ સ્વભાવની વાત જગતે સાંભળી નથી. વિભાવની વાત સાંભળી છે પણ સ્વભાવની વાત (સાંભળી નથી). આહાહા! સાંભળી નથી. કે આચાર્ય ભગવાને કહ્યું કે તેં આજ સુધી ક્રોધ-માન- માયા, કર્તા-ભોક્તાની વાત સાંભળી, પણ ચિન્નમાત્ર આત્મા છે એ વાત તેં આજ સુધી સાંભળી નથી. એટલે રુચિપૂર્વક સાંભળી નથી. સાંભળવાનું ફળ આવ્યું નથી તો સાંભર્યું નથી. સાંભળવાનું ફળ આવવું જોઈએ તો સાંભર્યું કહેવાય.

મુમુક્ષુઃ- અમૃત વરસે છે પંચમ કાળમાં.

ઉત્તરઃ- ચિન્નમાત્ર આત્મા તો, આત્મા તો ચિન્નમાત્ર ભૂતકાળમાં રાગનો પ્રવેશ ન હતો, વર્તમાનમાં રાગ મારામાં નથી, જ્યાં હું છું ત્યાં રાગ નથી, અને જ્યાં રાગ છે ત્યાં હું નથી. રાગ રાગમાં રહેવા દો, રાગ રાગમાં રહેવા દો. હું તો જ્ઞાનમય ચિન્નમાત્ર આત્મા છું. ભૂતકાળમાં નહતો, વર્તમાનમાં નથી, ભવિષ્ય કાળમાં હશે નહીં. આહાહા! એનું નામ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના છે. વિકલ્પનું નામ, શુભભાવનું નામ પ્રતિકમણ નથી. એ તો ઝેર છે, એ તો આશ્રવતત્વ છે, ભાઈ, આહાહા! આ બધી દિગંબર સંતોની વાત છે. હોં! એ મારા ઘરની વાત નથી. આહાહા! વ્યવહાર પ્રતિકમણ, પ્રત્યાખ્યાન, આલોચનાના નામ એને ઝેર કહ્યું, ઝેરનો ઘડો છે વૃક્ષ, ઝેર નું વૃક્ષ છે, વીશકુંભ છે, વીશકુંભ ઘડો ઝેરનો. આહાહા! એક ટીપું ઝેરનું પીવે તો મરી જાય. એ તો ગટાગટ પીવે છે શુભભાવથી ધર્મ થાય છે, શુભભાવથી ધર્મ થાય છે. શુભભાવ મારામાં થાય છે. શુભભાવ હું કરવા વાળો છું, એમાં મારે ધર્મ થશે, લાભ થશે, પ્રભુ! આહાહા! ભૂલી ગયો તું ભૂલી ગયો! સ્વભાવને ભૂલી ગયો! ચિન્નમાત્ર હું આત્મા હું. "માત્ર" શબ્દથી રાગને કાઢી નાખ્યો, રાગને કાઢી નાખ્યો! આહાહા! મારા દ્રવ્યમાં રાગ નથી મારા દ્રવ્યમાં જ્ઞાન, અમારા ક્ષેત્રમાં જ્ઞાન, રાગ નથી. અમારા સ્વભાવમાં ઉપયોગ, રાગ નથી. અમારા ભાવમાં જ્ઞાન, રાગ નથી. આહાહા! દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ મેં તપાસ્યા. આચાર્ય ભગવાન કહે છે તો મે તપાસ કરીને લખ્યું કે રાગ મારા સ્વભાવમાં નથી. અને તમારા સ્વભાવમાં પણ નથી. આવા આત્માનું જ્ઞાન અને શ્રદ્ધાન કરી લો એનું નામ નિશ્ચય મોક્ષમાર્ગ છે. **ચિન્નમાત્ર** આહાહા! એક શબ્દ છે. સીર્ફ, ઓન્લી, ફક્ત. ચિન્નમાત્ર, ચિન્નમાત્ર

જાણવાવાળો છે આહાહા! કરવાવાળો નથી. આહાહા! આત્માનો સ્વભાવ જ્ઞાન, તો જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવો. એમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ આવી ગયા. પહેલાં "આત્મા" - દ્રવ્ય એનો સ્વભાવ "જ્ઞાન" - ગુણ આવી ગયો. જ્ઞાનનો સ્વભાવ આત્માને "જાણવો"- પર્યાય આવી ગઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય. આહાહા! એકલા દ્રવ્યને માને છે કે પર્યાય? અરે દ્રવ્ય, ગુણ, પર્યાય છે એવું જાણે છે. એવું જ્ઞાન જાણે છે. આહાહા! દ્રવ્યને આત્મા માનીને દ્રવ્ય ગુણ પર્યાયને જાણે છે.

મુમુક્ષુ:- દ્રવ્યને આત્મા માનીને દ્રવ્ય ગુણ પર્યાયને જાણે છે.

ઉત્તર:- જાણે છે.

મુમુક્ષુ:- સમ્યક્ એકાંત પૂર્વક સમ્યક્ અનેકાંત!

ઉત્તર:- અનેકાંત થાય છે. જેણે આત્માનું ભાન હોય છે તેને પરિણામનું જ્ઞાન, આત્માનું ભાન હોય છે. એને પર્યાયનું જ્ઞાન થઈ જાય છે. સમ્યક્જ્ઞાન. **ચિન્નમાત્ર જ્યોતિના વસ્તુસ્વભાવથી જ સામાન્ય અને વિશેષથી પરિપૂર્ણતા હોવાથી** વસ્તુ સામાન્ય વિશેષ રૂપ છે. સામાન્ય દર્શનગુણ ના નામ સામાન્ય છે. અને વિશેષ જ્ઞાનગુણ ના નામ વિશેષ છે. એ દર્શનઉપયોગની વાત નથી અને જ્ઞાન ઉપયોગ, મતિ જ્ઞાન, શ્રુત જ્ઞાનની વાત નથી. ત્રિકાલી ગુણની (વાત છે). દર્શન નામનો ગુણ છે, એ એનો સામાન્ય અને જ્ઞાન ગુણ છે વિશેષ. તો દર્શન અને જ્ઞાન એવા બે ગુણથી હું પરિપૂર્ણ છું. આહાહા! કેવળજ્ઞાન હોય તો હું ત્યારે પરિપૂર્ણ થઈશ, અત્યારે અપૂર્ણ? અને ત્યારે પૂર્ણ? તો કેવળજ્ઞાન થવાનું જ નથી. કેવળજ્ઞાન કોને થાય છે? કે વર્તમાનમાં હું પરિપૂર્ણ છું. એવી અંતરદ્રષ્ટિથી જે આત્માનો અનુભવ કરે છે અને એમાં લીન થઈ જાય છે ચારિત્ર, તો કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે. કેવળજ્ઞાનની શક્તિ અંદર પડી છે. તો શક્તિની વ્યક્તિ પ્રગટ થઈ જાય છે. જ્ઞાનાવરણ કર્મનો અભાવ થયો એટલે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, એમ નથી. એ નિમિત પ્રધાન કથન છે. શક્તિની વ્યક્તિ ક્ષણિક ઉપાદાન પ્રધાન કથન છે. અને ત્રિકાળ ઉપાદાન, આહાહા! એની વાત તો શું કરે?

**હું જ્ઞાન દર્શનથી પરિપૂર્ણ છું**, અત્યારની વાત છે. બધા આત્મા એવા જ છે અત્યારે. ક્યારે? અત્યારે. આહાહા! પરંતુ શ્રદ્ધામાં લે તો જ્ઞાનમાં એ (આત્મા) આહાહા! પ્રતિમાની સ્થાપના કરી દે. ઉપયોગમાં ઉપયોગ છે, ઉપયોગમાં પ્રતિમા, આ પ્રતિમા, વિતરાગી પ્રતિમા, એની સ્થાપના કરી દે. એ પ્રતિસ્થા છે, એ પ્રતિસ્થા છે. પ્રતિસ્થિત કરી દે આત્મા ને. આહાહા! **હોવાથી, હું જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. - એવો હું**, હમણાં ચાર બોલ આવ્યા. **એવો હું**, હમણાં જેને આત્માનો અનુભવ થવાનો છે, એને પૂર્વ ભૂમિકામાં, આ વ્યવહાર આવે છે. આત્મા જેવો છે એવો નિર્ણય કરવો એનું નામ વ્યવહાર છે, અનુભવ કરવો એનું નામ નિશ્ચય છે. તું વ્યવહારને માને છે કે નહીં? આ જ્ઞાની જ વ્યવહાર નિશ્ચયને જાણે છે, અજ્ઞાનીની પાસે નિશ્ચય પણ નથી અને વ્યવહાર પણ નથી. આહાહા! અજ્ઞાની તો માને છે કે શુભભાવ કરવો વ્યવહાર. નહીં-નહીં જેવો આત્માનો સ્વભાવ છે એવો ભાવમન ના સંબંધથી, આત્માનો નિર્ણય કરવો અનુભવ પહેલાં, એનું નામ વ્યવહાર છે. આહાહા! અને એ વિકલ્પાતિત, મનાતિત થઈને પ્રત્યક્ષ આત્માનો અનુભવ થાય છે એનું નામ નિશ્ચય છે. એવો જીવ લીધો છે, એવો જીવ લીધો છે, શિષ્ય એવો લીધો છે કે, જે સાંભળે, સાંભળીને પછી

નિર્ણય કરીને અનુભવ કરીલ્યે. એવો શિષ્ય નિકટવર્તી શિષ્ય છે. નિકટવર્તી એટલે આત્માની રુચિવાળા, એટલે નિકટવર્તી, મારી પાસે આવ્યા એટલે નિકટવર્તી નહીં. શું કહ્યું? મારી પાસે આવ્યા છે એટલે નિકટવર્તી નહીં. આત્માની રુચિ જેને જાગી ગઇ છે એ પ્રશ્નથી જ્ઞાનીએ માપ કાઢી લીધું. આહાહા! પ્રશ્નથી એ જાણી ગયા કે એ આત્માર્થી જીવ છે, નિકટવર્તી છે. હમણાં એને આત્મા નો નિર્ણય થઈને અનુભવ થઈ જશે. અને અહિયાં બેઠા બેઠા અનુભવ કરીને બહાર જશે, એવી તૈયારી વાળો આત્મા છે.

શિષ્ય પણ કોઇ ઉંચી પ્રકારનો, ગુરુ તો ઊંચા છે જ. આહાહા! ગુરુ શિષ્યની સંધિ છે. આહાહા! ગુરુ પણ કોઈ અપૂર્વ અને શિષ્ય પણ કોઈ રુચિવાળો, તૈયારીવાળો, નિકટભવી, ભવ્ય તો હતો, પણ નિકટભવી જીવ. પૂછે છે હે પ્રભુ, હું ચાર ગતિ ના દૂ:ખ ભોગવું છું, હવે દૂ:ખ સહન થતું નથી. હું રાજા થયો, શેઠ થયો, હું દેવ થયો, પણ સુખ શાંતી થઈ નહીં. દૂ:ખનો નાશ (અને) સુખ કેવી રીતે પ્રગટ થાય? એ કૃપા કરીને મને સમજાવો. કે મારે દીકરો કેમ થાય, મારે લક્ષ્મી કેમ થઈ જાય, હું કોર્ટ માં, કચેરી માં કેસ (મુકદમાં) કેવી રીતે જીતું ? મને થોડું બતાવો.. એવો શિષ્ય છે નહીં. એની વિતરાગી સંત ની પાસે જવાની, એ લાયકાત છે. લાયકાત વાળો છે. અલ્પકાળમાં એનો મોક્ષ થવાનો છે. એની પાસે તો આત્મા છે. ગુરુની પાસે શું છે (આત્મા) મંત્ર તો છે, પણ ભેદજ્ઞાનનો મંત્ર છે જેની સાધનાથી દેવ હાજર થાય છે. કયા દેવ? ચૈતન્યદેવ છે.

જયપુરમાં એવી વાત આવી કે ભેદજ્ઞાનથી દેવ હાજર થાય છે. તો વાત ચાલી, આ પંડિત આપણા માટે સારા છે, ખાનગીમાં આવીને પૂછી લે, મંત્ર લે અને દેવ આવે તો માંગી લે. મંત્ર જોઈએ માંગીલે, કોઈ રોગી હોય તો નીરોગી થઈ જાવું. કોઈને પુત્ર ન હોય તો પુત્ર માંગી લે. ધન નથી તો ધન માંગી લે. સત્તા પ્રિય હોય તો મારે પ્રમુખ બનવું છે. વડાપ્રધાન બનવું છે. માંગી લઉં. આહાહા! બીજે દિવસે મારે કાન પર (વાત) આવી કે આ વાત ચાલે છે. બીજે દેવસે ખુલાસો કર્યો કે ભાઈ ભેદજ્ઞાન ના મંત્રથી આ દેવ હાજર થાય છે આ પરમાત્માના દર્શન થાય છે, એનું નામ દેવ છે. દેવો ના પણ દેવ છે. દેવાધિદેવ આત્મા છે. બધા આત્મા હોં. બધા આત્માની વાત છે. પરમાત્મા છે બધા, ભગવાન છે, ભગવાન થઈ જાઓ એવા આશીર્વાદ ગુરુદેવે આપ્યા છે. આહાહા! તમે પામર છો, તમે સમજી નહીં શકો, શું હિન્દીમાં? તમે સમજી નથી સકતા ઉંચી વાત છે, ઉંચી વાત છે એમ નથી. આ એકડાની વાત છે. શરૂઆતની વાત છે. પહેલો પાઠ પહેલી ચોપડીનો પાઠ છે. આહાહા! ભેદજ્ઞાન કર, ભેદજ્ઞાનનો વિચાર એ વ્યવહાર, અભેદનો અનુભવ એ નિશ્ચય. આહાહા! શું કહ્યું? ભેદજ્ઞાનનો વિચાર વ્યવહાર, કારણકે એ માનસિક છે, એમાં આનંદ નથી આવતો, એટલે વ્યવહાર છે. અભેદના અનુભવમાં આનંદ આવે છે તો એ નિશ્ચય છે. આહાહા! સુબોધીજી? ખ્યાલ આવ્યો કે નહીં? આહાહા! ભિંડ છે ને એમનું ગામ છે ને ૧૨ દિવસની શિબિર.

**એવો હું આકાશાદી દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુ વિશેષ છું.** આહાહા! જેમ આકાશ નિર્મળ છે, પરિપૂર્ણ શુધ્ધ છે, એવો હું વિશિષ્ટ પ્રકારનો, આકાશની જેમ હું પણ નિરંજન છું, અંજન મારાંમાં નથી. આહાહા! આકાશનો દ્રષ્ટાંત આપ્યો. જેમકે, આકાશને લીધે, આકાશ કોઈ ના આધારથી નથી રહેતું. નિરાલંબી છું. એવો હું પણ નિરાલંબી છું. દેહનો આધાર હવે મારે નથી, દેહ

ના આધારથી હું રહેતો નથી, શુભાશુભ ભાવનો આધાર પણ મારે નથી. હું તો આકાશની જેમ હું, આહાહા! નિરાલંબી તત્વ છું, પરિપૂર્ણ શુદ્ધ છું, નિરંજન છું, આહાહા! આકાશમાં મેલ હોતો નથી તેમ. **પરમાર્થીક વસ્તુ વિશેષ** ખાસ, પરમાર્થીક વસ્તુ વિશેષ ખાસ વસ્તુ ખાસ! **એટલા માટે હવે હું સમસ્ત પરદ્રવ્ય પ્રવૃતિથી નિવૃતિ દ્વારા** એટલે કે પરદ્રવ્યનું લક્ષ છોડીને, પર દ્રવ્યની નિવૃતિનો અર્થ પર દ્રવ્યનું લક્ષ છોડીને, પર દ્રવ્યને આકાશમાં મોકલવાની વાત નથી. લક્ષ છૂટી જાય છે..., આહાહા! પર દ્રવ્ય તો રહે છે, પર દ્રવ્યનો ત્યાગ નથી થતો, પર દ્રવ્ય ના લક્ષનો ત્યાગ થાય છે, અને આત્મા ના લક્ષનું ગ્રહણ હોય છે. ગ્રહણ પૂર્વક ત્યાગ.

**પરદ્રવ્ય પ્રવૃતિથી નિવૃતિ દ્વારા, આ આત્મસવાભાવમાં નિશ્ચલ રહેતો થકો, સમસ્ત પરદ્રવ્યના નિમિતથી વિશેષરૂપ ચેતનમાં હોવા પણે,** આ વાત નવી આવી. જૂઓ. **ચેતનમાં** ચેતનમાં કલ્લોલ નથી થતો. ચેતનનો વિશેષ જે છે, પર્યાય માં, એમાં **થવા વાળી ચંચળ કલ્લોલો ના નિરોધથી,** આહાહા! શું કહ્યું? કે પર્યાય જે છે, જ્ઞાનની પર્યાય વિશેષ. જ્ઞાનમાં ચંચળતા નથી. જ્ઞાન તો સ્થિર હોય છે, જ્ઞાનગુણ, આત્મા. એની જે પર્યાય છે, બહિમુર્ખ પર્યાય, એમાં ચંચળતા હોય છે. કારણકે એની અંદર જ્ઞેયથી જ્ઞેયાન્તર જ્ઞાન, જ્ઞેયથી જ્ઞેયાન્તર, આને જાણું, એને જાણું, તો કલ્લોલ થાય છે. જેમ સમુદ્ર ના મોજામાં (લહરોમાં) કલ્લોલ છે, તો સમુદ્ર તો સ્થિર છે, સમુદ્ર તો સ્થિર છે. એમ આત્મા તો સ્થિર છે, પણ જેમ પર ના લક્ષથી તે વિશેષ ચેતનમાં, કલ્લોલ ઉત્પન થતો હતો, વિકલ્પ, આહાહા! એ **ચેતનમાં થઈ રહેલા ચંચળ કલ્લોલો ના નિરોધથી,** આહાહા! એનો નિરોધ કરી દિધો. જ્ઞાન તો બહિર્મુખ હતું, તો જ્ઞાન અંતરમૂર્ખ થાય છે, તો ચંચળતા નીકળી જાય છે.

**નિરોધથી આને જ અનુભવ કરતાં કરતાં, પોતાના અજ્ઞાનથી આત્મામાં ઉત્પન થઈ રહેલ જે આ ક્રોધાદિક ભાવ છે, એ બધાનો ક્ષય કરું છું**. કલ્લોલ મટ્યું તો ક્રોધ પણ મટી ગયો. પરનું જાણવાનું બંધ થયું. કલ્લોલ મટ્યું તો ક્રોધ પણ મટી ગયો.

આ તો કોઈ શાસ્ત્ર છે. દૈવી શાસ્ત્ર છે, ભાગવતી શાસ્ત્ર છે. એવું ટીકાકારે નામ આપ્યું છે. પરમાગમ છે. આંધળાની આંખ છે, આંધળાની આંખ છે, આહાહા! કોઈ એવા સમયે કુંદકુંદઆચાર્ય ભગવાને શાસ્ત્રની રચના, નવતત્વને ભરી દીધા અંદરમાં. **આ બધાનો ક્ષય કરું છું. - એવો આત્મામાં નિશ્ચય કરીને**, બસ, અહિયાં સુધી તો હજી અજ્ઞાની છે, અહિયાં સુધી તો અજ્ઞાની છે, પણ જ્ઞાની થવાવાળો છે, એવો અજ્ઞાની છે. હાં! અજ્ઞાની લંબાશે નહીં, અજ્ઞાન લાંબુ નહીં થાય, હવે અજ્ઞાન ટળી જશે. અજ્ઞાની છે, પણ જ્ઞાની થવાની તૈયારી છે, એવો અજ્ઞાની છે. એ નિર્ણય કરે છે. આહાહા! નિર્ણય યથાર્થ થઈ ગયો તો અડધી બાજી તો હાથમાં આવી ગઈ. અડધું કામ થઈ ગયું. નિર્ણય માત્ર નિર્ણય, એમાં એક પૈસાનો ખર્ચ નહીં. એમાં એક પૈસાનો ખર્ચ નહીં. બેઠા-બેઠા વિચાર કરે છે કે હું એક છું, શુદ્ધ છું, મમત્વહીન છું, જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ પરમાત્મા છું. એવા મનના સંગથી નિર્ણય કરે છે. જ્ઞાનના સંગથી અનુભવ થાય છે. મનના સંગથી તો નિર્ણય થાય છે, એ નિર્ણય એમાં આનંદ નથી. આહાહા! નિર્ણયમાં આનંદ નથી, અનુભવમાં આનંદ છે. નિર્ણય કર્યો, આહાહા! હમણાં અજ્ઞાન કેમ ટળી જાય છે, એની એ વાત આવે છે.

**એમ આત્મામાં નિશ્ચય કરીને જેણે**, જે જીવે **ઘણા સમયથી પકડેલું વહાણ છોડી દીધું**

**છે**. વહાણ આવે છે સમુદ્રમાં, એમાં વા વંટોળ થાય છે તો ઘૂમરી થઈ જાય છે, એમાં ઘૂમરી સમજ્યા? તો ઘૂમરીમાં એ વહાણ, એ વહાણ પકડાઈ જાય છે, કેટલાયે હલેસા મારો તો પણ નીકળતું નથી. તો જ્યારે એ પવન શાંત થઈ જાય છે, શાંત પવન થઈ જાય છે. પવનનું જોર આવ્યું, સમજ્યા? એ શાંત થાય છે પવન, તો આપોઆપ એ શાંત થઈ જાય છે. તો ચકરી બંધ થઈ જાય છે તો વહાણ નીકળી જાય છે, વહાણ નીકળી જાય છે. એવા વિકલ્પના ચક્રવામાં, એવો હું, એવો હું, એવો હું, એવો હું, આહાહા! એમાં આ આત્મા ફસાઈ ગયો છે. વિકલ્પની જાળમાં ફસાઈ ગયો છે. પરંતુ એવો અજ્ઞાની છે કે હમણાં નીકળી જશે. વધારે વાર નથી, આ ભાવમાં કામ થવાવાળું છે બીજો ભવ આવવાનો નથી.

મુમુક્ષુ:- આપના મંગળ આશીર્વાદ, શ્રીમદ્જી એ લખ્યું છે કે જ્ઞાનીની કૃપા દ્રષ્ટિ એજ સમ્યક્દર્શન છે.

ઉત્તર:- પહેલાં એ સંતને જાણે છે, એની દ્રષ્ટિ સત્ પર આવી જાય છે. આહાહા! જ સંતને ઓળખે છે એની દ્રષ્ટિ સત્ય થઈ જાય છે. કેમકે સંતતો આત્માની વાત કરશે, બીજી વાત તો એમની પાસે નથી. એકજ કામ, ૨૪ કલાક આત્માનું, આત્માની વાત, આત્માની વાત આત્માની વાત આત્માની વાત હાં. ૩૩ સાગરોપમ. અહીંના બાર અંગ ધરી, સમજ્યા? મુનિરાજ, સ્વર્ગ હોય છે તો ૩૩ સાગરોપમમાં જાય છે. ૩૩ સાગરોપમ તત્વની જ ચર્ચા ચાલે છે, સર્વાર્થસિદ્ધિમાં. ૩૩ સાગરોપમ સર્વાર્થસિદ્ધિમાં, તો સર્વાર્થસિદ્ધિમાં ૩૩ સાગરોપમ થઈ ગયા પૂરા, અરે, પૂરા થઈ ગયા. અરે કેટલાં? અબજો વર્ષ, અસંખ્ય અબજો વર્ષ, અસંખ્ય અબજો વર્ષ, આત્માની ચર્ચામાં ચાલ્યા જાય છે. કંટાળો નહીં, દૂ:ખ નથી, પ્રમોદ પ્રમોદ વૃદ્ધિગત પ્રમોદ આવે છે. ક્યારેક- ક્યારેક ડૂબકી મારીને આનંદનું ભોજન કરી લ્યેછે, એવી ચર્ચા ચાલે છે ત્યાં, સર્વાર્થસિદ્ધિમાં. ત્યાંથી નીકળીને સાધના પૂરી કરીને મુનિ દશા ધારણ કરીને, અરિહંત થઈને સિદ્ધ થઈ જશે. આહાહા!

મુમુક્ષુ:- અહિયાં પણ શુદ્ધઆત્મા ની ચર્ચા ચાલે છે સાહેબ!

ઉત્તર:- હાં શુદ્ધ આત્માની ચર્ચા કરવા જેવી છે, બાકી બધી વિકથા છે. કર્મની કથા, ગુણસ્થાનની કથા, માર્ગણાસ્થાનની કથા બધી વિકથા છે. આત્માની કથા સ્વકથા છે. ઠીક છે જાણવા માટે ગુણસ્થાન, માર્ગણાસ્થાન, આઠ પ્રકારના કર્મ,

ઉત્તરપ્રકૃતિ ૧૪૮ કર્મની પ્રકૃતિ, સત્તા, ઉદય, ઉદીરણા, આ બધું આવે છે ગોમટસારની વાત, પણ ત્યાં રોકાવા જેવી વાત નથી. રોકવાનું એકજ સ્થાન છે, અહીં રોકાઈ જાઓ, ત્યાં રોકાઈ જાવ, એવું એવું ના કરો, (બહાર) એવું (અંદર) જૂવો. આહાહા!

એવો નિર્ણય કર્યો તો વહાણ નીકળી ગયું, હવે ચકરી બંધ થઈ ગઈ. વાવાઝોડું પવનનું **પકડાયેલા વહાણને છોડી દીધું એમ સમુદ્રના ભવંરની જેમ**, ભવંર, ભવંર આવે છે ને? ભવંર તોફાન, તોફાન બહાર છે, ભવંર સમુદ્રમાં છે. ભવંર ઉપાદાન છે પવન તો નિમિત છે, આહાહા!

મુમુક્ષુ:- એક એક વાતમાં રહસ્ય છે.

ઉત્તર:- એમ છે. આહાહા! **ભવંરની જેમ, જેણે સર્વ વિકલ્પો નું તરત જ વમન કરી દીધું છે।** હું શુદ્ધ છું, એક છું, અભેદ છું, આ ભેદજ્ઞાન છે, આ અભેદનો અનુભવ છે. આત્મા એક છું, શુદ્ધ

છું, મમત્વહીન છું, હું દર્શનજ્ઞાનથી પૂર્ણ છું. એ ભમરી છે એમાં આત્મા ફસાઈ જાય છે. જેવો વિકલ્પ છે એવો છે, પણ વિકલ્પ એમાં નથી. એમ વિકલ્પાતીત થઈ જાય છે. વિકલ્પ આવે છે પણ વિકલ્પ ટકતો નથી તો વિકલ્પાતીત મનાતિત થઈને આત્માનો અનુભવ કરી લે છે આત્મા. આ પરંપરા ભારતમાં ચાલુ છે, બીજા દેશમાં આ વાત નથી.

અમેરિકા, રશિયામાં નથી કેમકે ચોવીસ તીર્થંકર અહિયાં જ થયા. આહાહા! પંચકલ્યાણક અહિયાં જ થાય છે. જન્મકલ્યાણક પણ અહિયાં, મોક્ષકલ્યાણક પણ અહિયાં, અહિયાં થાય છે. આહાહા! તો આ આત્માની વાત, ભારતવર્ષમાં રહી ગઈ અને રહેશે. આહાહા! ક્યારે-ક્યારે ભર્તી ઓટ આવે છે, એ જુદી વાત છે. ભર્તી ઓટ પંચમકાળ પછી છઠા કાળમાં કોઈ ધર્મ રહેવા વાળો નથી. આહાહા! દૂ:ખમાં દૂ:ખમાં, છટ્ઠા કાળમાં તો છટ્ઠા કાળ, પંચમકાળ અને છટ્ઠા કાળ, એમાં વરસાદ નહીં, ગરમી ઘણી. આહાહા! કોઈ ઝાડ, પાન નહીં, પક્ષી નહીં, અને આ જે મનુષ્ય છે, એ કદ કદ ઘટતા ઘટતા આટલા (નાના) રહી જશે. આહાહા! અને સિંધુ નદી એંડ ગંગા નદીનો જે પ્રવાહ છે આજે, એનો પ્રવાહ, એક જે બળદગાડી છેને, બળદગાડીના પૈડાં જેવી ધાર રહેશે. અને ગુફામાં મનુષ્ય રહશે, એ ગુફામાં રાત ભર તો રહેશે, દિવસમાં તો નીકળી નહીં શકે. રાત્રે નીકળીને એ એમાંથી એ માછલીને સેકી દયે છે દિવસમાં, રાત્રે ખાઇ લ્યેછે માંસાહારી છે. પણ મનુષ્યનું બીજ રહી જાય છે મનુષ્યનું બીજ રહી જાય છે સમજ્યા? એમ આહાહા! છટ્ઠા કાળ દૂ:ખના, આહાહા! પણ એક વર આત્માનો અનુભવ થયો, છટ્ઠા કાળમાં જન્મ નથી થતો. આહાહા!

મુમુક્ષુ:- એવી વાત સાંભળી એને છટ્ઠા કાળમાં અવતાર નથી લેવો.

ઉત્તર:- નથી લેવો. સાંભળવાવાળાએ પણ નહીં, એમ બહેન કહે છે. અનુભવ કરવાવાળાને તો નહીં. પણ એ શુધ્ધ આત્માની વાત, પોતાના ચિત્તની પ્રસન્નતાથી સાંભળે તો ભાવિ નિર્વાણ ભાજનમ. સંભાળવું હો માત્ર, અત્યારે તો, પણ રુચિપૂર્વક. આહાહા! પ્રીતિ પૂર્વક જાણે છે, સાંભળે છે, ઓહો! આ મારો આત્મા, એવો મહિમા આવે છે, આત્માનો મહિમા આવે છે. એ મહિમા અંતરમાંથી જે આવ્યો, ભાવિ નિર્વાણ ભાજનમ આહાહા! ભવિષ્યવેતા છે મુનિરાજ ભવિષ્યવેતા છે. જેમ કેવલી ભગવાન ભવિષ્યવેતા, મુનિરાજ ભવિષ્યવેતા છે. એવા અવિરત સમ્યગદ્રષ્ટિ જેને નિર્મળ જ્ઞાન હોય છે એ ભવિષ્યવેતા છે. આહાહા! જ્ઞાનની શક્તિ, કોઈ શ્રુત જ્ઞાનની શક્તિ અચીંત્ય છે ભાઇ. આહાહા!

**સમુદ્રના ભંવરની ભ્રાંતિ, જેને સર્વ વિકલ્પોનું તરત જ વમન કરી દીધું છે**. વમન કર્યું ઉલ્ટી. કૂતરો ઉલ્ટી કરે છે ને, એવી ઉલ્ટી કરી તો ફરીથી વિકલ્પ આવતો નથી. નીકળી ગયું બધું નીકળી ગયું. **એવું નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માનું અવલંબન** એટલે આત્માનું વિશેષણ, આત્મા કેવો છે નિર્વિકલ્પ છે એટલેકે અભેદ છે, નિર્વિકલ્પ એટલે ગુણગુણીનાં ભેદ જેમાં નથી. અચલિત છે, પર્યાય તો ચલિત છે ધ્રુવ પરમાત્મા તો અચલિત છે. અને પર્યાય માં રાગ તો મલીન છે. હું તો નિર્મળ છું. એવા **આત્માના અવલંબન કરતો થકો**, એટલે લક્ષ કરતો, બહારથી લક્ષ છૂટી જાય છે.

જ્યારે સમ્યગદર્શન થાય છે. કાળ આવે છે, તો બહારનું લક્ષ છૂટી જાય છે. ગુરુનો ઉપદેશ

સાંભળે છે પણ સાંભળવાનું બંધ થઈ જાય છે સાંભળવાનું, ઉપકારી ગુરુનું લક્ષ છૂટી જાય છે. અંદરમાં ઉપયોગ આવી જાય છે, પંડાલમાં બેસી ને અનુભવ કરીલ્યે છે. એવી સ્થિતિ છે. **આત્માનું અવલંબન કરતાં કરતાં, વિજ્ઞાનઘન થતો, વિજ્ઞાનઘન થતો,** વિજ્ઞાનઘન થતો, વિજ્ઞાનઘન તો છે, પણ પરિણામમાં વિજ્ઞાન દશા આવે છે. દ્રવ્ય તો વિજ્ઞાનઘન છે, એમાંતો રાગનો પ્રવેશ નથી પણ જ્યારે શુદ્ધઉપયોગ થયો, એમાં રાગનો પ્રવેશ નથી. એ પણ વિજ્ઞાનઘન થાય છે. **થયો થકો, આ આત્મા આશ્રવોથી નિવૃત થાય છે.**મિથ્યાત્વનો છુટકારો થઈ જાય છે, સમ્યગદર્શન પ્રગટ થઈ જાય છે.

મુમુક્ષુ:- પર્યાય, પર્યાય સ્વરૂપની રચના થઈ જાય છે

ઉત્તર:- હાં પર્યાય, પર્યાયના સ્વરૂપની રચના કરે છે, એવું છે ત્યારે એનું લક્ષ દ્રવ્ય પર છે. તો એનાં અવલંબનથી થયું એમ પણ કહેવાય છે. હોય છે તો પર્યાય નિરપેક્ષ પોતાથી, પણ એનું લક્ષ આત્મા પર હોય છે તો આત્માના આશ્રયથી થયું એમ પણ કહેવાય છે. વિશેષ આવશે.